GJVL030026952025

દાખલ તારીખ :– ૨૧/૦૬/૨૦૨૫
રજુ તારીખ :– ૨૧/૦૬/૨૦૨૫
ફેસલ તારીખ :– ૧૦/૦૮/૨૦૨૬
સમય :– દિવસ મહીનો વર્ષ
૨૦ ૦૧ ૦૧

**પારડીના મહે. બીજા એડીશનલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં**
**મુ.પારડી**

ફોજદારી કેસ નં. **૨૪૪૦/૨૦૨૫**

આંક–

ફરીયાદી : શ્રી સરકાર

<u>વિરૂધ્ધ</u>

આરોપી : પ્રદીપભાઈ કપીલસીંગ સીન્હા

રહે પારનેરા પારડી હનુમાન ફળીયું તા.જી.વલસાડ

ગુનો : બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબ

ફરીયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી શ્રી આર.સી.પટેલ

આરોપીપક્ષ તરફે વિધ્વાન વકીલ શ્રી આર.એમ.રાણા...

**<u>ચુકાદો</u>**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ધી બી.એનએસએસ. કલમ ૨૮૧, તથા એમ.વી.એક્ટ કલમ ૧૭૭,૧૮૪, મુજબ તે એવી રીતેની છે, કે, કોલમ નંબર (૧૧) માં

જણાવેલ તહોમતદાર મચકુરે તા.૨૯/૧૨/૨૦૨૪ ના રોજ કલાક ૧૨/૩૦, વાગ્યે મોજે વલ્લભ આશ્રમ પાસે વાપી થી વલસાડ જતા રોડ ઉપર તા.પારડી જી.વલસાડ ખાતે પોતાના કબ્જાની રીયલ રીક્ષા નં GJ–15–AU–7047 ની પુરઝડપ અને ગફલભરી રીતે પોતાની તથા બીજાની જીંદગી જોખમાય તે રીતે હંકારી લઇ આવતા પકડાઈ ગુન્હો કર્યા વિગેરે બાબત.

(૨) સદર કામે આરોપીને સમન્સની બજવણી થતાં આરોપી નામદાર કોર્ટમાં હાજર થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે વિના મુલ્યે પુરી પાડયા બાદ આંક–૫ થી ગુનાની કબુલાત બાબતે આરોપીનો પ્રાથમિક જવાબ નોંધતાં આરોપીએ ગુનો કબુલ કરવાનો ઈન્કાર કરતા હાલનો કેસ ફરીયાદપક્ષના પુરાવા પર રાખવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષે પોતાના કેસના સર્મથનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ છે.

**<u>મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા</u>**

| | | |
|---|---|---|
| ૧. | ૦૬ | પંચ રમેશભાઈ ગંગારામભાઈ પટેલ ની સોગંદ ઉપર જુબાની |
| ૨. | ૦૭ | પંચનામું |
| ૩. | ૦૮ | પંચ કલ્પેશભાઈ શૈલેષભાઈ ધો. પટેલ ની સોગંદ ઉપર જુબાની |
| ૪. | ૦૯ | ત.ક.અ. રવિન્દ્રસિંગ રામસિંગ વસાવાની સોગંદ ઉપર જુબાની |
| ૫. | ૧૦ | ફરીયાદ |

(૪) ફરીયાદપક્ષે ઉપરોકત પુરાવો રજુ થયા બાદ વિ.એપીપીશ્રીની મૌખીક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામા આવેલ. ત્યારબાદ આરોપીનું બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ અનુસાર વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોઈ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષકારો તરફે દલીલો સાંભળવામાં આવેલ.

(૫) ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાયીક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા</u>**

(૧) ધી બી.એનએસએસ. કલમ ૨૮૧, તથા એમ.વી.એક્ટ કલમ ૧૭૭,૧૮૪, મુજબ તે એવી રીતેની છે, કે, કોલમ નંબર (૧૧) માં જણાવેલ તહોમતદાર મચકુરે તા.૨૯/૧૨/૨૦૨૪ ના રોજ કલાક ૧૨/૩૦, વાગ્યે મોજે વલ્લભ આશ્રમ પાસે વાપી

થી વલસાડ જતા રોડ ઉપર તા.પારડી જી.વલસાડ ખાતે પોતાના કબ્જાની રીચલ રીક્ષા નં GJ–15–AU–7047 ની પુરઝડપ અને ગફલભરી રીતે પોતાની તથા બીજાની જીંદગી જોખમાય તે રીતે હંકારી લઇ આવતા પકડાઈ ગુન્હો કર્યા વિગેરે બાબત. બી.એન એસ.એસ ની કલમ – ૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ – ૧૭૭,૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે**?**

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**<u>નિર્ણય અંગેના કારણો</u>**

**<u>મુદ્દા નં.૧ :</u>**

**(૭)** ફરીયાદપક્ષે **આંક– ૦૯ થી** ત.ક.અ. રવિન્દ્રસિંગ રામસિંગ વસાવા સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ **આંક– ૧૦** થી ફરીયાદ માં તેઓની સાથેના સહકર્મચારી પરેશભાઈ નટુભાઈ ના ઓની સહી ઓળખી બતાવેલ છે. તેમજ પોતાના મૌખિક પુરાવામાં તેઓની તપાસને અનુરૂપ હકીકતો જણાવી બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, અકસ્માત વાળી જગ્યા જાહેર રોડ છે તેમજ બનાવવાળા જાહેર રસ્તાનો કોઈપણ નકશો હાલના કામે રજુ રાખેલ નથી તેમજ અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લિધેલા નથી તેમજ આરોપીના વાહનની ગતી મર્યાદા બાબતે કોઈ તપાસ કરેલ નથી. જ્યારે એ હકીકતમાં ઇન્કાર કરેલ છે કે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી ચાર્જશીટ કરી સોગંદ પર ખોટી જુબાની આપે છે.

**(૭.૧)**ફરીયાદપક્ષે **આંક– ૬ થી પંચ રમેશભાઈ ગંગારામ ધો.પટેલ** અને **આંક– ૦૮ થી પંચ કલ્પેશભાઈ શૈલેષભાઈ પટેલ** નાઓને સોગંદ ઉપર તપાસતા મૌખિક પુરાવામાં **આંક– ૦૭** થી રજુ પંચનામામાં પોતાની સહી સિવાયની કોઈ હકીકત જણાવતા નથી. સદર પંચસાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી હકીકતો જણાવતા ન હોય

વિ.એપીપીશ્રીએ ઉલટતપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા અને વિગતવારના સુચક પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકીકત સદર પંચસાહેદે જણાવેલ નથી.

(૮) આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ ઉપરોકત પુરાવાનુ સંયુકત રીતે મુલ્યાંકન કરવામાં આવે તો સરળતાથી સ્વતંત્ર સાહેદ મળી આવી શકે તેમ હોવા છતાં ત.ક.અમલદારે કોઈ પણ સ્વતંત્ર સાહેદનો પુરાવો તપાસ દરમ્યાન એકત્ર કરવાની કોઈ કાળજી લીધેલ નથી તેમજ આ કામે પંચસાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. આ સંજોગોમાં રજુ પોલીસ સાહેદોની જુબાનીના આધારે આરોપીને ગુનાની હકીકત સાથે સાંકળવા ન્યાયિક જણાતુ નથી. કોઈ ખાનગી વ્યકિતએ આરોપી વિરૂઘ્ધ ફરીયાદ આપેલ હોય તેવો હાલનો કેસ નથી. હાલના બનાવના કારણે કોઈ અકસ્માત થયેલ હોય કે કોઈ વ્યકિત કે મિલ્કતને હાનિ કે નુકશાન થયેલ હોય તેવો પણ ફરીયાદપક્ષનો કેસ નથી. પણ ત.ક.અમલદારે તેમના પુરાવામાં આરોપીએ પોતાના કબજાનું વાહન પુરઝડપે ચલાવેલ છે તેટલો પુરાવો આપેલ છે. આરોપી સામે બી.એન.એસ.ની કલમ–૨૮૧ ના કેસ સાથે ફરિયાદપક્ષ આવેલ છે ત્યારે આ કલમના તત્વો જોવા જરૂરી બને છે.

*''જાહેર રસ્તા પર એવી રીતે વાહન ચલાવવુ જેના કારણે માનવ જિંદગી જોખમમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા કે હાની થાવાનો સંભવ હોય''*

ઉપરોકત કાયદાકીય જોગવાઈના અનુસંધાને હાલના કેસમાં રજુ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવામાં આરોપી પુરઝડપે વાહન ચલાવતો હતો તેટલી જ હકીકત જણાવેલ છે. ફરીયાદપક્ષે આરોપી પુરઝડપે વાહન ચલાવતો હતો તેનાથી માનવ જિંદગી જોખમમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા કે હાની થાવાનો સંભવ હતો તેવી કોઈ રજુઆત કરેલ નથી કે તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આરોપીના કૃત્યને કારણે કોઈને ઈજા કે નુકશાન પહોંચ્યુ હોય તેવો ફરીયાદપક્ષનો કેસ નથી. આમ, સદર કલમના તત્વો જોતાં આરોપી માત્ર પુરઝડપે વાહન ચલાવતો હતો તેટલી માત્ર હકીકતથી

આરોપીએ બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબનો ગુનો કરેલ હોવાનું ઠરાવી શકાય નહી.

(૮.૧)ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો જોતા સ્પષ્ટ છે કે, ફરીયાદપક્ષ આરોપી સામે ગુનાની હકીકતો તથા ગુનાના તત્વો પુરવાર કરવામાં તદ્દન નિષ્ફળ ગયેલ છે. જેથી ઉપરોકત તમામ ચર્ચા હકીકતો અને રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો લક્ષમાં લઈ મુલ્યાંકન કરતા મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ શંકાથી પર નિ:શં કપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય આ કામના આરોપીને સદર ગુનાના કામે નિર્દોષ છોડી મુકતો નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

1. આ કામના આરોપી પ્રદીપભાઈ કપીલસીંગ સીન્હા ને બી.એનએસ.એસ ની કલમ–૨૩૨(૧) અન્વયે બી.એન.એસ.એસ ની કલમ–૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭,૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે પુરાવાના અભાવે નિર્દોશ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
2. બી.એન.એસ.એસ.ની કલમ–૨૯૬(ક) અન્વયે આ કામના આરોપી રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૦, માહે:ઓગષ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૧૦/૦૮/૨૦૨૬** **(પાર્વતી દેવરામભાઈ મોકરીયા)**

**સ્થળ : પારડી** બીજા અધિક જ્યુડી. મેજી.ફર્સ્ટ કલાસ

તા. પારડી, જી. વલસાડ

**CODE NO.GJ 01743**